સ. શિ. પ. / જુલાઈ ૦૬ /૧,૩૨૫

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **રવિવાર, ૧૬ જુલાઈ, ૨૦૦૬** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. આત્મનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાવાળાનાં લક્ષણ
૨. ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની
૩. લીંબુ ચૂસ્યાનું દૃષ્ટાંત
૪. સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું.
૫. નટની માયાનું દૃષ્ટાંત

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. સત્સંગ થયા મોર તો .................. ઝાઝું ભૂંડું થાય.
૨. એવી નિષ્ઠાવાળો .................. જીવનો ઉદ્ધાર થાય છે.
૩. જે એકાંતિક ભક્ત .................. સેવામાં રહે છે.
૪. આવી સમજણ હોય .................. તે વતે જ થાય છે એમ સમજે.
૫. જે કલ્યાણને અર્થે જતન .................. તે જાડી બુદ્ધિવાળો છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

૧. સ્નેહપ્રીતિ    ૨. પંચવર્તમાન

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. બ્રહ્મરૂપ ક્યારે થવાય ?
૨. કઈ ચાર વાત જીવનું જીવન છે ?
૩. અંતરમાં ટાઢું ક્યારે રહે ?





૪. 'કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી.' એમ સ્વામી કયા વચનામૃતને સંભારીને બોલ્યા હતા ?
૫. 'તમારે તો પૃથ્વીનું વેજું છે.' આનો અર્થ શો ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** ૫

૧. વાદીને ઠેકાણે સ્વામીએ ............................ ને ગણાવ્યા છે. (શ્રીકૃષ્ણ, શ્રીજીમહારાજ, દત્તાત્રેય)
૨. મુક્તાનંદ સ્વામીની મોટપ .......................... ને લઈને છે. (સાધુતા, વિદ્વત્તા, ભગવાનનો સાક્ષાત્કાર સંબંધ)
૩. જેને જેટલું ભૂંડું આચરણ તેને ............................ (તેટલો કુસંગ, તેટલી માહાત્મ્યમાં કસર, તેટલા સ્વભાવ)
૪. અનંત કલ્પ સુધી ................................ દુઃખને ભોગવશે. (દ્રોહી, નિરાકારવાદી, વિમુખ)
૫. જ્ઞાન .............................. થી થાય. (સાધુ સમાગમ, પુરુષાર્થ, શાસ્ત્રપઠન)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં
૨. આશરાની મહત્તા
૩. સંતમહિમા

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. આજ્ઞાપાલનનું મૂર્તિમાન સ્વરૂપ : ભગતજી મહારાજ
૨. ભગતજી મહારાજના સંતો
૩. ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજની પરસ્પર પ્રીતિ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. ભગતજી મહારાજનો ખાનદેશમાં પ્રભાવ
૨. ભગતજી મહારાજ વિમુખ છતાં સન્મુખ
૩. અક્ષરબ્રહ્મના ઉદ્‌ઘોષક - ભગતજી મહારાજ (કોઈપણ પાંચ પ્રસંગો)
૪. જૂનાગઢમાં અભૂતપૂર્વ સન્માન

❊ ❊ ❊